**ઔદ્યોગિક ન્યાયપંચ નં.ર નાં પ્રમુખ અધિકારીશ્રી અશ્વિન દવે સમક્ષ, અમદાવાદ**

**એપ્રુવલ અરજી(આઈ.ટી.)નં.૮૮/૨૦૧૭**
**ઈન**
**રેફરન્સ(આઈ.ટી.) નં.૨૧/૨૦૧૪**

**અરજદાર:** આર. એમ. પી. બેરીંગ્સ પ્રા. લી.,
મુ. પો. તા. રાણપુર, જી. બોટાદ

**વિરૂધ્ધ**

**સામાવાળા:** વિજયસિંહ હસુભા પરમાર,
આંબલીયા ચોરા પાસે,
મુ. પો. રાણપુર, જી. બોટાદ,
C/O ગુજરાત મજદુર સભા,
મહારાણા પ્રતાપ બીલ્ડીંગ,
અમદાવાદ

**હાજર રહયા:** અરજદાર તરફે :– વકીલશ્રી એ.એસ. પરીખ.
સામાવાળા તરફે:– પ્રતિનિધિશ્રી એ.એન. પટેલ.

**બાબત:–** ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩(૨)(બી) અન્વયેની અરજી.

**–: ખાતાકીય તપાસની કાયદેસરતાના મુદ્દે હુકમ:–**

**(૧)** અરજદારે હાલની અરજી ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ (કે જેનો હવે પછીથી ટુંકમાં, ''આઈ.ડી. એકટ'' તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ–૩૩(૨)(બી) ની જોગવાઈ મુજબ સામાવાળા વિરૂધ્ધ દાખલ કરી સામાવાળાને તા.૧–૭–૨૦૧૭ નાં રોજથી નોકરીમાંથી બરતરફ કરવાના પગલાંને બહાલી આપવા અરજ ગુજારેલ છે.

**(૨)** અરજદારની અરજીની ટુંકી હકીકત એવી છે કે, અરજદાર સામે ડીમાન્ડ કેસ રેફરન્સ (આઈ.ટી.) નં. ૨૧/૨૦૧૪ સુનાવણી માટે પડતર છે. સદર ડીમાન્ડ કેસની સુનાવણી દરમ્યાન અરજદારમાં કામ કરતા સામાવાળાને તેઓએ આચરેલ ગેરવર્તણૂંક માટે છુટા કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. સામાવાળા અરજદારમાં ગ્રાઈન્ડીંગ ખાતામાં ઓપરેટર તરીકે ફરજ બજાવે છે. સામવાળાએ નોકરી દરમ્યાન

ગેરવર્તણૂંક આચરતા સામાવાળાને તા.૧૩–૧૧–૧૩ ના હુકમથી પ્રાથમિક સસ્પેન્શન હુકમ કમ ચાર્જશીટ આપેલ, જે સામાવાળાને મળી ગયેલ છે પરંતુ સામાવાળાએ તેનો લેખિત ખુલાસો આપેલ નથી. અરજદારે સામવાળા સામે ખાતાકીય તપાસ હાથ ઘરવાનું નકકી કરેલ, જેની તપાસ તા.૨૪–૫–૧૪ ના રોજ રાખવાનું નકકી કરેલ પરંતુ સામાવાળાને તપાસ કાર્યવાહી માટે મોકલેલ પત્રમાં તપાસનું સ્થળ લખવામાં શરતચૂક થયેલ હોઈ તપાસ કાર્યવાહી સદર તારીખે હાથ ઘરાયેલ નહીં અને તપાસ કાર્યવાહી તા.૩૧–૫–૧૪ ના રોજ રાખ્યા અંગેની સામાવાળાને જાણ કરવામાં આવેલ. સદર દિવસે સામાવાળાએ તેમના યુનિયના પ્રમુખશ્રીનું અવસાન થયેલ હોઈ મુદતની માંગણી કરતા તપાસ મુલત્વી રાખેલ. તા.૧૪–૬–૧૪ ના રોજ સામાવાળા તપાસમાં હાજર રહેલ. સદર દિવસે સામાવાળાએ જુદા જુદા દસ્તાવેજોની માંગણી કરતા તેના જવાબ માટે તપાસ મુલત્વી રાખેલ ત્યાર બાદ તા.૨૯–૬–૧૪ ના રોજની તપાસ કાર્યવાહીમાં પ્રેઝન્ટીંગ ઓફીસરે તા.૧૬–૬–૧૪ ના રોજનો જવાબ રજુ કરેલ, જે સામાવાળાને રજી.એ.ડી. ઘ્વારા મોકલી આપવામાં આવેલ, ત્યાર બાદ તપાસ તા.૧૯–૭–૧૪ ના રોજ રાખેલ પરંતુ તપાસ અધિકારી હાજર ન હોવાથી કાર્યવાહી ચાલેલ નહીં અને તપાસ કાર્યવાહી તા.૯–૮–૧૪ ના રોજ રાખવામાં આવેલ. સદર તારીખે સામાવાળા હાજર ન હોવાથી તપાસ કાર્યવાહી આગળ ચાલેલ નહીં. તા.૧૬–૮–૧૪ ના રોજની તપાસ કાર્યવાહીમાં સામાવાળા હાજર હતા તથા સદર તારીખે પક્ષકારોની રજુઆત સાંભળી સામાવાળાની અરજી રદ કરવામાં આવેલ. સદર તારીખે સામાવાળાની પ્રાથમિક પુછપરછ કરવામાં આવેલ, જેમાં સામાવાળાએ તેઓએ પ્રાથમિક સસ્પેન્શન હુકમ કમ ચાર્જશીટ મળેલ હોવાનું અને તેમાં દર્શાવેલ આક્ષેપો કબુલ ન હોવાનું જણાવેલ હતું. ત્યાર બાદ તા.૩૦–૯–૧૪ ના રોજ પક્ષકારો હાજર રહેતા સામાવાળાએ અરજી આપી દસ્તાવેજોની માંગણી કરેલ અને ૧૫ દિવસનો સમય માંગેલ. અરજદાર તરફે દસ્તાવેજો રજુ કરેલ, જેની નકલ સામાવાળાને પુરી પાડવામાં આવેલ. તા.૧૩–૯–૧૪ ની તપાસ કાર્યવાહીમાં સામાવાળાએ તપાસ કાર્યવાહી

અમદાવાદ ખાતે રાખેલ હોવાથી આવવા–જવાના ખર્ચની માંગણી કરેલ. સામાવાળાની માંગણી વ્યાજબી હોવાથી તે ચૂકવી આપવાની સુચના પ્રેઝન્ટીંગ ઓફીસરને તપાસ અધિકારીએ આપેલ. સદર તારીખે અરજદાર તરફે સાક્ષીનું નિવેદન રજુ કરવામાં આવેલ, જેની નકલ સામાવાળાને આપવામાં આવેલ તથા તપાસ, ઉલટતપાસ માટે મુલત્વી રાખવામાં આવેલ. તા.૪–૧૦–૧૪ ના રોજ પક્ષકારો હાજર રહેલ, જેમાં સામાવાળાએ દસ્તાવેજો માંગવાની અરજી આપેલ અને બચાવના પ્રતિનિધિ તરીકે યુનિયનના પ્રતિનિધિને હાજર રાખવા પરવાનગી આપવા રજુઆત કરેલ. સામાવાળાની બચાવ પ્રતિનિધિ રાખવાની માંગણી નામંજુર કરવામાં આવેલ હતી તેમજ સામાવાળાએ સાક્ષીની ઉલટતપાસ માટે વધુ સમય માંગેલ, જે માંગણી નામંજુર કરી સાક્ષીની ઉલટતપાસ કરવાનો સામાવાળાનો હકક બંધ કરવામાં આવેલ. ત્યાર બાદ તા.૧૧–૧૦–૧૪ ના રોજ સામાવાળાએ સાક્ષીની ઉલટતપાસનો હકક રીઓપન કરવાની માંગણી કરેલ, જે અંગે પ્રેઝન્ટીંગ ઓફીસરે જણાવેલ કે અરજદારના સાક્ષી હાજર છે અને પુરાવો રીઓપન કરવા સામે વાંધો નથી. સામાવાળાએ તેમના યુનિયન પ્રતિનિધિની માંગણી મંજુર થાય પછી જ ઉલટતપાસ કરશે તેમ જણાવતા સાક્ષીની ઉલટતપાસનો હકક રીઓપન કરવામાં આવેલ નહીં અને વધુ સાક્ષી–પુરાવા માટે તપાસ મુલત્વી રાખવામાં આવેલ. તા.૨૦–૧૦–૧૪ ના રોજ અરજદાર તરફે પ્રેઝન્ટીંગ ઓફીસર હાજર થયેલ અને સામાવાળાને લખેલ પત્ર રજુ કરેલ, જેમાં સામાવાળાને તપાસમાં હાજર રાખી શકે છે તેમ જણાવેલ તથા વધુ દસ્તાવેજો રજુ કરેલ. અરજદાર તરફે બીજા સાક્ષી જીજ્ઞેશભાઈ વાલજીભાઈ પરમારને તપાસેલ પરંતુ સામાવાળા હાજર ન હોવાથી સાક્ષીની ઉલટતપાસ માટે તપાસ મુલત્વી રાખવામાં આવેલ. તા.૮–૧૧–૧૪ ના રોજ પક્ષકારો હાજર હતા તેમજ સામાવાળાએ અરજી આપેલ તથા સાક્ષીની ઉલટતપાસ કરવાનું પૂછતાં સામાવાળાએ વધુ સમયની માંગણી કરેલ અને સદર તારીખે સામાવાળાની અરજીનો નિકાલ કરી સાક્ષીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ અને સંસ્થા તરફે પુરાવા લેવા નથી તેમ જાહેર કરતા સંસ્થાના પુરાવા બંધ કરવામાં આવેલ ત્યાર

બાદ તપાસ કાર્યવાહી સામાવાળાના પુરાવા માટે રાખવામાં આવેલ. તા.૧૯–૧૧–૧૪ ના રોજની તપાસ કાર્યવાહીમાં સામાવાળાનો ફોન આવેલ હોવાથી તપાસ મુલત્વી રાખવામાં આવેલ, ત્યાર બાદ તા.૨૪–૧૧–૧૪, તા.૪–૧૨–૧૪, તા.૧૩–૧૨–૧૪ તથા તા.૨૮–૧૨–૧૪ ના રોજ જરૂરી એકનોલેજમેન્ટ આવેલ ન હોવાથી તપાસ મુલત્વી રાખવામાં આવેલ, તે જ પ્રમાણે તા.૩–૧–૧૫ ના રોજની તપાસ કાર્યવાહીમાં સામાવાળા હાજર રહેલા નહીં તેમજ સામાવાળાને મોકલેલ પત્રની એકનોલેજમેન્ટ પરત આવેલ ન હોવાથી પ્રેઝન્ટીંગ ઓફીસરે જણાવેલ કે સામાવાળા તેમને મોકલેલ પત્રો જાણીબુઝીને મોડા છોડાવે છે તેમજ તપાસમાં હાજર રહેતા નથી તેમ છતા સદર તારીખે તપાસ મુલત્વી રાખવામાં આવેલ. તા.૧૮–૧–૧૫ ના રોજ તપાસ કાર્યવાહીમાં સામાવાળા હાજર રહેલ નહીં અને સામાવાળાને મોકલેલ પત્ર પરત આવેલ તે કવર રજુ કરેલ. સદર તારીખે પ્રેઝન્ટીંગ ઓફીસરે રજુઆત કરેલ કે સામાવાળાને સસ્પેન્શન એલાઉન્સનો ચેક મોકલેલ હતો, જેની એકનોલેજમેન્ટ હતી જે તા.૧૩–૧–૧૫ ના રોજ પોસ્ટ થયેલ અને તા.૧૯–૧–૧૫ ના રોજ સામાવાળાને મળી ગયેલ. અરજદારના એચ.આર. મેનેજરશ્રી સદર કાર્યવાહીમાં હાજર હતા અને તેઓએ જણાવેલ કે તેઓ મુદતનો પત્ર લઈને રૂબરુ સામાવાળાના ઘરે ગયેલ હતા અને સામાવાળાના પિતાશ્રીને પત્ર લેવા જણાવેલ પરંતુ તેઓએ પત્ર લેવાની ના પાડેલ. આ તમામ રજુઆત ધ્યાને લેતા સામાવાળા જાણીજોઈને તપાસ કાર્યવાહીમાં હાજર રહેવાનું ટાળતા હોઈ તપાસ કાર્યવાહી પૂર્ણ થયેલ હોવાનું જાહેર કરવામાં આવેલ. તપાસ અધિકારી ઘ્વારા આપવામાં આવેલ તારણોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યા બાદ ખાતાકીય તપાસના તારણોની નકલ સામાવાળાને તા.૨૧–૪–૧૭ ના રોજ બીજી કારણદર્શક નોટીસ સાથે મોકલી આપેલ, જે સામાવાળાને મળી ગયેલ છે. સામાવાળાએ ત્યાર બાદ તા.૪–૫–૧૭ ના રોજ બીજી કારણદર્શક નોટીસનો ખુલાસો આપવા સમય માંગેલ, ત્યાર બાદ તા.૩૦–૫–૧૭ ના રોજ બીજી કારણદર્શક નોટીસનો સામાવાળાએ ખુલાસો આપેલ છે, જે સંતોષકારક નથી. અરજદાર ઘ્વારા હાથ ધરવામાં આવેલ

ખાતાકીય તપાસ વ્યાજબી અને કાયદેસરની હતી. તપાસના તારણો મુજબ સામાવાળાની ગેરવર્તણૂંક સાબિત થતી હતી. સામાવાળાની ગેરવર્તણૂંક મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર અન્વયે ગંભીર પ્રકારની ગેરવર્તણૂંક બને છે, આથી અરજદારે સામાવાળાને તા..–૬–૧૭ ની બરતરફ કરેલ છે. અરજદારે સામાવાળાને એક માસનો પગાર રૂ.૧૨,૯૬૩/–ચેકથી ચૂકવી આપેલ છે. અરજદારે સામાવાળાને તા.૧–૭–૧૭ ના રોજથી બરતરફ કરેલ છે તે કૃત્ય માન્ય કરવાનો હુકમ કરવાની દાદ માંગેલ છે.

(૩) સદર કામે સામાવાળા ધ્વારા આંક–૧૫ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે, જેની ટૂંકી હકીકત એવી છે કે, સામાવાળા સૌ પ્રથમ આ એપ્રુવલ અરજી આઈ.ડી. એકટની આજ્ઞાત્મક જોગવાઈઓનું પાલન કરતી ન હોઈ પેરા–એ થી પેરા–બી માં જણાવેલ પ્રાથમિક મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે અને તેને સૌ પ્રથમ નકકી કરવા અરજ ગુજારે છે. સામાવાળા જણાવે છે કે, અરજદારની અરજી આઈ.ડી. એકટની કલમ–૩૩ (૨) (બી) ની જોગવાઈ મુજબની નથી તેથી તેની કોઈ દાદ મંજુર કરી શકાય તેમ નથી. અરજદારે સામાવાળાની યુનિયન પ્રવૃત્તિ તોડવા માટે ગેરવર્તણૂંક ઉભી કરેલ છે અને યુનિયનની રચના નિરર્થક બનાવવા તેમજ સામાવાળાને ન્યાયી અને વ્યાજબી પગારવધારો આપવો ન પડે તે માટે પ્રાથમિક સસ્પેન્શન હુકમ કમ ચાર્જશીટ ઉભી કરવામાં આવેલ છે, જે પ્રથમથી જ ગેરકાયદેસર છે. અરજદારે ખૂબ લાંબા સમય બાદ ચાર્જશીટ ઉભી કરેલ છે. સામાવાળાએ કોઈ ગેરવર્તણૂંક કરેલ જ નથી તે સંજોગોમાં કંપનીનું પગલું પ્રથમથી જ ગેરકાયદેસર છે. અરજદારે કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધ તપાસ કરેલ છે. અરજદારે સામાવાળાએ તા.૩૦–૫–૧૭ ના રોજ સેકન્ડ શોકોઝ નોટીસ સંબંધમાં વચગાળાનો જવાબ આપેલ છે, જે જવાબને બીલકુલ ધ્યાને લીધા સિવાય અયોગ્ય મજુર પ્રથમ આચરી બરતરફીનું પગલું લીધેલ છે. બરતરફી સમય પૂરેપૂરો નોટીસ પગાર ચૂકવેલ નથી. આમ બરતરફીનું પગલું ગેરકાયદેસર છે. સામાવાળાને નિયમ મુજબ ૭૫ ટકા પ્રમાણે નિર્વાહ ભથ્થું ચૂકવવામાં આવેલ ન હતું. અરજદારે એકપક્ષીય રીતે તપાસ કાર્યવાહી હાથ ધરેલ છે. સામાવાળાને બચાવનું

નિવેદન આપવાની તક આપેલ નથી. સામાવાળાને તપાસની મુદતની જાણ કર્યા વિના અને મુદતની જાણ થયેલ છે કે કેમ? તેની કોઈ દરકાર કર્યા વિના ફક્ત અરજદારના કહેવા મુજબની રજુઆત નોંધી તમામ કાર્યવાહી કરેલ છે. તપાસ અધિકારીના તારણો પુરાવા પર આધારીત નથી. સામાવાળા ખાતાકીય તપાસ ગેરકાયદેસર હોવાનું તથા અરજદારની અરજી ગેરકાયદેસર હોઈ સામાવાળા અરજદારની અરજી રદ કરવા જણાવે છે.

(૪) સદર કામે એ હકીકત ઉલ્લેખનીય છે કે, સામાવાળા ધ્વારા તેમના લેખિત જવાબના પેરા–૧ માં જે પ્રાથમિક મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે તેનો પ્રથમ નિર્ણય કરવા આંક–૧૬ થી અરજ ગુજારેલ હતી.

ઔદ્યોગિક ન્યાયપંચ ધ્વારા પ્રાથમિક મુદ્દાની અરજી હેઠળ તા.૯–૨–૧૮ ના હુકમથી સામાવાળાની આંક–૧૬ ની પ્રાથમિક મુદ્દાની અરજી ગ્રાહ્ય રાખી અરજદારની અરજી નામંજુર કરેલ હતી.

ઔદ્યોગિક અદાલતના સદર હુકમ સામે અરજદાર ધ્વારા નામ. વડી અદાલત સમક્ષ સ્પે. સિવીલ એપ્લીકેશન નં.૫૫૪૬/૨૦૧૮ દાખલ કરેલ હતી, જેમાં નામ. વડી અદાલતે તેમના તા.૧૧–૬–૧૮ ના હુકમથી ઔદ્યોગિક ન્યાયપંચનો હુકમ કાયમ રાખેલ હતો. નામ. વડી અદાલતના સદર હુકમથી નારાજ થઈ અરજદારે નામ. વડી અદાલત સમક્ષ એલ.પી.એ. નં.૯૬૦/૨૦૧૮ દાખલ કરેલ હતી, જેમાં નામ. વડી અદાલતની ડીવીઝન બેન્ચે તેમના તા.૨૮–૮–૧૮ ના હુકમથી નામ. વડી અદાલતના સિંગલ જજ સાહેબનો તેમજ ઔદ્યોગિક ન્યાયપંચનો હુકમ રદબાતલ ઠરાવી એપ્રુવલ અરજીનો ગુણદોષ પર નિકાલ કરવા જણાવેલ હતું.

(૫) સદર એપ્રુવલ અરજીનો ગુણદોષ પર નિર્ણય કરવાના તબકકે સામાવાળા ધ્વારા ખાતાકીય તપાસની કાર્યવાહીને પડકારતા હોઈ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતોને અનુરૂપ છે કે કેમ? તે મુદ્દાનો પ્રથમ નિર્ણય કરવાનું ઠરાવેલ છે.

ખાતાકીય તપાસની કાયદેસરતાના મુદ્દા પરત્વે અરજદાર તરફે રાજુભાઈ જીવરાજભાઈ ઘાંઘરેટીયાનું આંક–૨૮ થી જુબાનીરૂપી સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે, જે પરત્વે સામાવાળા તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે.

ખાતાકીય તપાસ અધિકારી વિજયભાઈ શીવરામ પાટીલની આંક–૩૨ થી સોગંદ પરની મૌખિક જુબાની નોંધવામાં આવેલ છે, જે પરત્વે સામાવાળા તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે. અરજદાર તથા સામાવાળા દ્વારા આંક–૩૩ ની પુરસીસથી ખાતાકીય તપાસની કાયદેસરતાના મુદ્દા પરત્વે તેમનો મૌખિક પુરાવો લેવાનો હકક બંધ જાહેર કરેલ છે.

ખાતાકીય તપાસની કાયદેસરતાના મુદ્દા પરત્વે અરજદારના વકીલશ્રી એ.એસ. પરીખ તથા સામાવાળાના પ્રતિનિધિશ્રી એ.એન. પટેલને સાંભળ્યા.

(૬) અરજદારના વકીલશ્રી એ.એસ. પરીખ તેમની મૌખિક દલીલમાં જણાવે છે કે, સામાવાળાને તા.૧૩–૧૧–૧૩ ના રોજનો પ્રાથમિક સસ્પેન્શન હુકમ કમ ચાર્જશીટ આપવામાં આવેલ હતી. સામાવાળા વિરુધ્ધ ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ હતી. સામાવાળા તપાસમાં જાણીજોઈને હાજર રહેવાનું ટાળતા હોઈ તપાસ કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ હતી. ખાતાકીય તપાસમાં સામાવાળાને કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ બચાવ તથા રજુઆતની તક આપેલ છે. સામાવાળા વિરુધ્ધ હાથ ધરેલ ખાતાકીય તપાસ યોગ્ય, વ્યાજબી તથા કાયદેસર હોઈ અરજદાર સદર તપાસ કાયદેસર હોવાનું ઠરાવવાની દાદ માંગે છે.

સામાવાળાના પ્રતિનિધિશ્રી એ.એન. પટેલ તેમની મૌખિક દલીલમાં જણાવે છે કે, સામાવાળાએ ગેરવર્તણૂંક કરેલ ન હોવા છતા સામાવાળાની યુનિયન પ્રવૃત્તિ તોડી નાખવાના બદઈરાદે કીન્નાખોરી રાખી ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ છે. ખાતાકીય તપાસમાં સામાવાળાને બચાવ તથા રજુઆતની તક આપવામાં આવેલ નથી. અરજદારના સાક્ષીની ઉલટતપાસની તક આપેલ નથી તેમજ સામાવાળાને બચાવનું નિવેદન રજુ કરવાની તક આપેલ નથી. સામાવાળાને તપાસની મુદતની જાણ

કર્યા વિના અને મુદતની જાણ થયેલ છે કે કેમ? તેની કોઈ દરકાર કર્યા વિના ફકત અરજદારના કહેવા મુજબની રજુઆત નોંધી તમામ કાર્યવાહી કરેલ છે. સામાવાળા વિરુધ્ધ કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન કર્યા સિવાય ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ હોઈ સામાવાળા ખાતાકીય તપાસ ગેરકાયદેસર ઠરાવવાની દાદ માંગે છે.

**(૭)** સદર કામે નીચે મુજબના મુદ્દાઓ મારા ન્યાયનિર્ણય અર્થે ઉપસ્થિત થાય છે.

(૧) સામાવાળા વિરુધ્ધ અરજદાર ધ્વારા કરવામાં આવેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના અનુરૂપ છે કે કેમ ?
(૨) શો હુકમ?

ઉપરોકત જણાવેલ મુદ્દાઓનો મારો જવાબ નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૧) નકારમાં
(૨) આખરી હુકમ મુજબ

(૮) <u>-: કારણો:-</u>

<u>મુદ્દા નં.૧:-</u>

**(એ)** સામાવાળા વિરુધ્ધ હાથ ધરવામાં આવેલ ખાતાકીય તપાસની કાર્યવાહી હાલના કામે લીસ્ટ આંક-૧૧ થી રજુ છે. સદર દસ્તાવેજો ધ્યાને લેવામાં આવે તો તે પરથી નીચેની હકીકત જણાય છે.

(૧) સામાવાળાને નિ.૨/૧ થી રજુ તા.૧૩-૧૧-૧૩ ના રોજનો પ્રાથમિક સસ્પેન્શન હુકમ કમ ચાર્જશીટ આપવામાં આવેલ હતી.

(૨) સામાવાળા વિરુધ્ધ તા.૨૪-૫-૧૪ ના રોજ ખાતાકીય તપાસ હાથ ધરવાનું નકકી કરેલ હતું. અરજદારનો સદર પત્ર ખાતાકીય તપાસની કાર્યવાહીમાં આંક-૪ થી રજુ છે.

(૩) તા.૨૪–૫–૧૪ ના રોજ રાખવામાં આવેલ તપાસમાં તપાસનું સ્થળ લખવામાં શરતચૂક થયેલ હોવાથી તપાસની મુદત તા.૩૧–૫–૧૪ ના રોજ રાખવામાં આવેલ હતી.

(૪) તા.૩૧–૫–૧૪ ની તપાસમાં સામાવાળા હાજર રહેલ હતા. સદર તપાસમાં સામાવાળાએ મુદતની માંગણી કરતા તપાસની મુદત તા.૧૪–૬–૧૪ રાખવામાં આવેલ હતી.

(૫) તા.૧૪–૬–૧૪ ના રોજની તપાસમાં સામાવાળા હાજર રહેલ હતા અને તપાસમાં રજુ આંક–૭ ની અરજીથી દસ્તાવેજોની માંગણી કરતા તપાસ તા.૨૮–૬–૧૪ ના રોજ રાખવામાં આવેલ હતી.

(૬) તા.૨૮–૬–૧૪ ના રોજની તપાસમાં સામાવાળા હાજર રહેલ હતા અને તપાસમાં રજુ આંક–૯ ના પત્રથી ફરજના સ્થળે રાણપુર ખાતે તપાસ રાખવાની વિનંતી કરેલ હતી. અરજદારને સામાવાળાની અરજીનો જવાબ આપવા તપાસની મુદત તા.૧૯–૭–૧૪ રાખવામાં આવેલ હતી.

(૭) તા.૧૯–૭–૧૪ ના રોજ તપાસ અધિકારી ગેરહાજર હોઈ તથા તા.૯–૮–૧૪ ના રોજ ની ખાતાકીય તપાસમાં સામાવાળા ગેરહાજર રહેતા તપાસની મુદત તા.૧૬–૮–૧૪ રાખવામાં આવેલ હતી.

(૮) તા.૧૬–૮–૧૪ ની ખાતાકીય તપાસમાં સામાવાળા હાજર રહેલ હતા. સદર તપાસ તારીખે સામાવાળાની તપાસમાં રજુ દસ્તાવેજોની માંગણી કરતી આંક–૧૩ ની અરજી રદ કરવામાં આવેલ હતી. સદર તપાસ તારીખે સામાવાળાની પ્ર ાથમિક પુછપરછ કરી તપાસની મુદત તા.૩૦–૮–૧૪ રાખવામાં આવેલ હતી.

(૯) તા.૩૦–૮–૧૪ ની ખાતાકીય તપાસમાં સામાવાળા હાજર રહેલ હતા. સદર તપાસ તારીખે અરજદાર તરફે તેમના કુલ–૩૧ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ હતા. ત્યાર બાદ તપાસ તા.૧૩–૯–૧૪ ના રોજ રાખવામાં આવેલ હોવાનું જણાય છે.

(૧૦) તા.૧૩–૯–૧૪ ની તપાસમાં સામાવાળા હાજર રહેલ ન હતા. સદર તપાસ તારીખે શ્રી ધવલભાઈ પ્રમોદભાઈ થોરીયાનું તપાસમાં આંક–૪૬ થી રજુ નિવેદન રેકર્ડ પર લેવામાં આવેલ હતું તેમજ સાક્ષીની ઉલટતપાસ માટે તપાસ તા.૧૮–૯–૧૪ ના રોજ રાખવામાં આવેલ હોવાનું જણાય છે.

(૧૧) તા.૧૮–૯–૧૪ ની તપાસમાં સામાવાળા હાજર રહેલ હતા. સામાવાળા અરજી રજુ કરી સાહેદના નિવેદનની ઉલટતપાસ માટે મુદતની માંગણી કરતા તપાસ તા.૨૭–૯–૧૪ ના રોજ રાખવામાં આવેલ હોવાનું જણાય છે.

(૧૨) તા.૨૭–૯–૧૪ ના રોજની ખાતાકીય તપાસમાં સામાવાળાનોમુદત માટે ફોન આવતા તપાસ તા.૪–૧૦–૧૪ ના રોજ રાખવામાં આવેલ હતી. તા.૪–૧૦–૧૪ ના રોજ સામાવાળા તપાસમાં હાજર રહેલ હતા અને તપાસમાં રજુ આંક–૪૯ ની અરજી આપી તેમના બચાવ પ્રતિનિધિ તરીકે શ્રી કલ્પેશભાઈ વેકરીયાને હાજર રહેવા દેવાની માંગણી કરેલ હતી. તપાસ અધિકારીએ સામાવાળાની અરજી રદ કરેલ હતી તેમજ અરજદારના સાહેદની ઉલટતપાસ કરવાનો સામાવાળાનો હકક બંધ કરી અરજદારના વધુ સાક્ષી માટે તપાસ તા.૧૧–૧૦–૧૪ ના રોજ મુલત્વી રાખેલ હતી.

(૧૩) તા.૧૧–૧૦–૧૪ ના રોજની તપાસમાં સામાવાળા હાજર રહેલ હતા. અરજદાર તેમના સાહેદ બીજી મુદતે રજુ કરશે તેમ જણાવતા તપાસ તા.૨૦–૧૦–૧૪ ના રોજ મુલત્વી રાખવામાં આવેલ હતી.

(૧૪) તા.૨૦–૧૦–૧૪ ના રોજની તપાસમાં સામાવાળા ગેરહાજર રહેલ હતા. સદર મુદતે અરજદાર તરફે તેમના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ હતા તેમજ અરજદારના સાહેદ જીજ્ઞેશભાઈ વાલજીભાઈ પરમારનું નિવેદન નોંધવામાં આવેલ હતું. અરજદારના સાહેદની ઉલટતપાસ માટે તપાસ તા.૩–૧૧–૧૪ ના રોજ રાખવામાં આવેલ હતી.

(૧૫) તા.૮–૧૧–૧૪ ની ખાતાકીય તપાસમાં સામાવાળા હાજર રહેલ હતા. સદર તપાસ તારીખે સામાવાળાએ મુદતની માંગણી કરતા સામાવાળાની રજુઆત

નામંજુર કરી અરજદારના સાહેદની ઉલટતપાસ કરવાનો સામાવાળાનો હકક બંધ કરવામાં આવેલ હતો. અરજદાર તરફે વધુ કોઈ સાક્ષી તપાસવા માંગતા નથી તેમ જણાવતા તપાસ તા.૧૮–૧૧–૧૪ ના રોજ રાખવામાં આવેલ હતી.

(૧૬) તા.૧૮–૧૧–૧૪ ના રોજ તપાસ દરમ્યાન સામાવાળાનો તેમના પિતાશ્રી બીમાર હોવાનો ફોન આવતા તપાસ તા.૨૪–૧૧–૧૪ ના રોજ મુલત્વી રાખવામાં આવેલ હતી.

(૧૭) તા.૨૪–૧૧–૧૪ ના રોજ સાામાવાળાને તપાસની જાણ કરતા પત્રની એકનોલેજમેન્ટ સ્લીપ પરત આવેલ ન હોવાથી સામાવાળાને મુદતની જાણ થયેલ છે કે કેમ? તે ચોકકસ ન હોવાથી તપાસ તા.૪–૧૨–૧૪ ના રોજ મુલત્વી રાખેલ હતી.

(૧૮) તા.૪–૧૨–૧૪ ના રોજ સાામાવાળાને તપાસની જાણ કરતા પત્રની એકનોલેજમેન્ટ સ્લીપ પરત આવેલ ન હોવાથી તપાસ તા.૧૩–૧૨–૧૪ ના રોજ મુલત્વી રાખેલ હતી.

(૧૯) તા.૧૩–૧૨–૧૪ ના રોજ સાામાવાળાને તપાસની જાણ કરતા પત્રની એકનોલેજમેન્ટ સ્લીપ પરત આવેલ ન હોવાથી તપાસ તા.૨૭–૧૨–૧૪ ના રોજ મુલત્વી રાખેલ હતી.

(૨૦) તા.૨૭–૧૨–૧૪ ના રોજ સાામાવાળાને મુદતની જાણ થયાના પુરાવાના અભાવે તપાસ તા.૩–૧–૧૫ ના રોજ મુલત્વી રાખેલ હતી.

(૨૧) તા.૩–૧–૧૫ ની ખાતાકીય તપાસમાં અરજદાર જણાવે છે કે, સામાવાળા તપાસમાં હાજર રહેતા નથી અને તેમને મોકલવામાં આવેલ પત્રો જાણીજોઈને મોડા છોડાવે છે તેથી પ્રેઝન્ટીંગ ઓફીસર યોગ્ય નિર્ણય કરવા જણાવે છે. તપાસ અધિકારી જણાવે છે કે, સામાવાળાને મુદતની જાણ થયાના પુરાવા વગર કોઈ કાર્યવાહી કરી શકાય તેમ ન હોવાથી તપાસ તા.૧૭–૧–૧૫ ના રોજ મુલત્વી રાખવામાં આવેલ હતી.

(૨૨) તા.૧૭–૧–૧૫ ના રોજ તપાસમાં અરજદારના પ્રેઝન્ટીંગ ઓફીસર જણાવે છે કે, સામાવાળા તપાસના પત્ર મુદત પછી છોડાવે છે, જયારે સસ્પેન્શન એલાઉન્સ ચૂકવવામાં આવેલ છે તે પત્ર તરત છોડાવી લીધેલ છે, જેની પહોંચ ક્રમાંક–૪ થી રજુ કરેલ છે. તપાસમાં રજુ આંક–૭૬ પર માલિક ડીલીવરી સમયે મળતા ન હોવાથી શેરો છે, જયારે આંક–૭૭ તે જ સમયગાળાનો પત્ર સામાવાળાને મળી ગયેલ છે. સામાવાળા જાણીજોઈને તપાસ અંગે બાંધછોડ કરતા હોવાથી સામાવાળાની સતત ગેરહાજરી ધ્યાને લઈ તપાસ પૂર્ણ કરવામાં આવેલ છે.

**(બી)** તપાસ કાર્યવાહી પરથી તા.૨૪–૧૧–૧૪, તા.૪–૧૨–૧૪, તા.૧૩–૧૨–૧૪ તથા તા.૨૭–૧૨–૧૪ ના રોજ સાામાવાળાને મુદતની જાણ થયાના પુરાવાના અભાવે તપાસ મુલત્વી રાખેલ હતી.

તા.૩–૧–૧૫ ની ખાતાકીય તપાસમાં અરજદાર જણાવે છે કે, સામાવાળા તપાસમાં હાજર રહેતા નથી અને તેમને મોકલવામાં આવેલ પત્રો જાણીજોઈને મોડા છોડાવે છે તેથી પ્રેઝન્ટીંગ ઓફીસર યોગ્ય નિર્ણય કરવા જણાવે છે. તપાસ અધિકારી જણાવે છે કે, સામાવાળાને મુદતની જાણ થયાના પુરાવા વગર કોઈ કાર્યવાહી કરી શકાય તેમ ન હોવાથી તપાસ તા.૧૭–૧–૧૫ ના રોજ મુલત્વી રાખવામાં આવેલ હતી.

તા.૧૭–૧–૧૫ ના રોજ તપાસમાં અરજદારના પ્રેઝન્ટીંગ ઓફીસર જણાવે છે કે, સામાવાળા તપાસના પત્ર મુદત પછી છોડાવે છે, જયારે સસ્પેન્શન એલાઉન્સ ચૂકવવામાં આવેલ છે તે પત્ર તરત છોડાવી લીધેલ છે, જેની પહોંચ ક્રમાંક–૪ થી રજુ કરેલ છે. તપાસમાં રજુ આંક–૭૬ પર માલિક ડીલીવરી સમયે મળતા ન હોવાથી શેરો છે, જયારે આંક–૭૭ તે જ સમયગાળાનો પત્ર સામાવાળાને મળી ગયેલ છે. સામાવાળા જાણીજોઈને તપાસ અંગે બાંધછોડ કરતા હોવાથી સામાવાળાની સતત ગેરહાજરી ધ્યાને લઈ તપાસ પૂર્ણ કરવામાં આવેલ હતી.

તા.૧૭–૧–૧૫ ના રોજની તપાસની જાણ કરતો પત્ર સામાવાળાને તા.૧૭–૧–૧૫ પહલાં મળી ગયેલ હતો તેવી હકીકત પુરવાર થતી નથી.

તપાસ અધિકારી વિજયભાઈ એસ. પાટીલ તેમની આંક-૩ર સોગંદ પરની જુબાનીની ઉલટતપાસમાં જણાવે છે કે,

''.......એ વાત ખરી છે કે, તા.૧૮-૧૧-૧૪ નાં રોજ સામાવાળાનાં પિતાશ્રીની તબિયત ખરાબ હોઈ તપાસ કાર્યવાહી મુલત્વી રાખવામાં આવેલ હતી. ત્યારબાદ તપાસની કાર્યવાહી તા.ર૪-૧૧-૧૪ નાં રોજ રાખવામાં આવેલ હતી. તા.ર૪-૧૧-૧૪ નાં રોજ તપાસની કાર્યવાહી રાખેલ છે તેની જાણકારી સામાવાળાને થયેલ છે તેવો કોઈ પુરાવો અરજદારે રજુ કરેલ ન હતો તે વાત ખરી છે. તા.૪-૧ર-૧૪, તા.૧૩-૧ર-૧૪ તથા તા.ર૭-૧ર -૧૪ નાં રોજ તપાસની કાર્યવાહી રાખેલ છે તેની જાણકારી સામાવાળાને થયેલ છે તેવો કોઈ પુરાવો અરજદારે રજુ કરેલ ન હતો તે વાત ખરી છે. તા.૩-૧-૧૫ નાં રોજ પણ તપાસની કાર્યવાહી રાખેલ છે તેની જાણકારી સામાવાળાને થયેલ છે તેવો કોઈ પુરાવો અરજદારે રજુ કરેલ ન હતો તે વાત ખરી છે. તા.૧૭-૧-૧૫ નાં રોજની તપાસની કાર્યવાહીની જાણ સામાવાળાને થયેલ છે તેવી કોઈ એકનોલેજમેન્ટ સ્લીપ રેકર્ડ પર રજુ નથી એ વાત ખરી છે.''

તપાસ અધિકારી તેમની ઉલટતપાસમાં જણાવે છે કે, તા.૧૭-૧-૧૫ નાં રોજની તપાસની કાર્યવાહીની જાણ સામાવાળાને થયેલ છે તેવી કોઈ એકનોલેજમેન્ટ સ્લીપ રેકર્ડ પર રજુ નથી એ વાત ખરી છે. આમ સામાવાળાને તા.૧૭-૧-૧૫ ના રોજની તપાસ કાર્યવાહીની જાણ ન હોય તો તેઓ તપાસમાં ગેરહાજર રહે તે બનવાજોગ છે. તપાસ અધિકારી ધ્વારા તા.૧૭-૧-૧૫ ના રોજની તપાસની જાણ સામાવાળાને થયેલ ન હોવા છતા તપાસ પૂર્ણ જાહેર કરેલ છે પરીણામે સામાવાળાને તેમનું નિવેદન રજુ કરવાની તક મળેલ નથી તેમ પુરવાર થતું હોઈ સામાવાળા વિરુધ્ધ હાથ ધરવામાં આવેલ ખાતાકીય તપાસમાં કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ થાય છે તે મુજબ હું હાલના કામની હકીકતમાં ઠરાવું છું.

(સી) અરજદાર તેમની આંક-૧ ની અરજીના પેરા-૩ માં જણાવે છે કે,

'' ૩........તા.૧૮-૧-૧૫ ના રોજ તપાસ કાર્યવાહીમાં સામાવાળા કામદાર હાજર રહેલ નહીં અને સામાવાળા કામદારને મોકલવામાં આવેલ પત્ર પરત આવેલ તે કવર રજુ કરેલ. સદર તારીખે પ્રેઝન્ટીંગ ઓફીસર રજુઆત કરેલ કે, સામાવાળા કામદારને સસ્પેન્શન એલાઉન્સનો ચેક મોકલેલ હતો, જેનો એકનોલેજમેન્ટ હતી તે તા.૧૩-૧-૧૫ ના રોજ પોસ્ટ થયેલ અને તા.૧૯-૧-૧૫ ના રોજ સામાવાળા કામદારને મળી ગયેલ. અરજદાર સંસ્થાના એચ.આર. મેનેજરશ્રી સદર કાર્યવાહીમાં

હાજર હતા તથા તેઓએ જણાવેલ કે તેઓ મુદતનો પત્ર લઈને રૂબરુ સામાવાળા કામદારના ઘરે ગયેલ હતા અને સામાવાળા કામદારના પિતાશ્રીને પત્ર લેવા જણાવેલ પરંતુ તેઓએ પત્ર લેવાની ના પાડેલી, તે તમામ રજુઆતો ઘ્યાને લેતા સામાવાળા કામદાર જાણી જોઈને તપાસ કાર્યવાહીમાં હાજર રહેવાનું ટાળતા હોઈ તપાસ કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવેલ.''

અરજદારની અરજી પરથી તા.૧૮–૧–૧૫ ના રોજ તપાસ કાર્યવાહીમાં સામાવાળા કામદાર હાજર રહેલ નહીં તેમ જણાવે છે. હકીકતમાં સામાવાળા વિરુઘ્ધની તપાસની તા.૧૭–૧–૧૫ ના રોજની હતી તેવી હકીકત દસ્તાવેજો પરથી સ્પષ્ટ જણાય છે.

અરજદાર તેમની અરજીમાં જણાવે છે કે, સંસ્થાના એચ.આર. મેનેજરશ્રી સદર કાર્યવાહીમાં હાજર હતા તથા તેઓએ જણાવેલ કે તેઓ મુદતનો પત્ર લઈને રૂબરુ સામાવાળા કામદારના ઘરે ગયેલ હતા અને સામાવાળા કામદારના પિતાશ્રીને પત્ર લેવા જણાવેલ પરંતુ તેઓએ પત્ર લેવાની ના પાડેલી.

તપાસ અધિકારી વિજયભાઈ એસ. પાટીલ તેમની આંક–૩૨ સોગંદ પરની જુબાનીની ઉલટતપાસમાં જણાવે છે કે,

''....... હું અરજદારનાં એચ.આર. મેનેજર ગીરીશભાઈ સોલંકીને ઓળખું છું. ગીરીશભાઈ સોલંકી આ તપાસમાં સાક્ષી ન હતા તે વાત ખરી છે. તા.૧૭–૧–૧૫ નાં રોજ તપાસ કાર્યવાહીમાં ગીરીશભાઈ સોલંકી હાજર ન હતા તે વાત ખરી છે. તપાસ કાર્યવાહીમાં ગીરીશભાઈ સોલંકીએ સામાવાળા જાણીબુઝી પત્ર લેતા નથી તેવી રજુઆત મને કરેલ નથી. ''

તપાસ અધિકારી તેમની જુબાનીમાં એચ.આર. મેનેજર ગીરીશભાઈ સોલંકી તા.૧૭–૧–૧૫ નાં રોજ તપાસ કાર્યવાહીમાં ગીરીશભાઈ સોલંકી હાજર ન હતા તે વાત ખરી છે તેમ જણાવે છે તેમજ તપાસ કાર્યવાહીમાં ગીરીશભાઈ સોલંકીએ સામાવાળા જાણીબુઝી પત્ર લેતા નથી તેવી રજુઆત મને કરેલ નથી તેમ જણાવે છે. સદર સંજોગોમાં અરજદારની અરજીની હકીકત કરતા તપાસ અધિકારીના કથનો તદ્દન વિરોધાભાસી હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

અરજદાર તેમની અરજીમાં વધુમાં જણાવે છે કે, સામાવાળાને સસ્પેન્શન એલાઉન્સનો ચેક મોકલેલ હતો, જેનો એકનોલેજમેન્ટ હતી તે તા.૧૩–૧–૧૫ ના રોજ પોસ્ટ થયેલ અને તા.૧૯–૧–૧૫ ના રોજ સામાવાળા કામદારને મળી ગયેલ.

સામાવાળા વિરુધ્ધની તપાસ તા.૧૭–૧–૧૫ ના રોજ પૂર્ણ થયેલ છે તે હકીકત સ્પષ્ટ છે.

તા.૧૭–૧–૧૫ ના રોજની તપાસ કાર્યવાહી કે જે હાલના કામે નિ.૧૧/૧ (પાના નં.૨૪) થી રજુ છે તેની કાર્યવાહી નીચે મુજબ છે.

'' પ્રેઝન્ટીંગ ઓફીસર મારી સમક્ષ નીચે મુજબના દસ્તાવેજો રજુ કરે છે.

(૧) આક્ષેપિત કામદારને તા.૬–૧–૧૫ ના રોજ લખેલ પત્ર.
(૨) ઉપરોકત પત્ર રજી.એ.ડી. કર્યાની પહોંચ.
(૩) ઉપરોકત પત્રનું પરત આવેલ કવર અસલ.
(૪) આક્ષેપિત કામદારને અન્ય પત્ર મોકલ્યાની મળી ગયાની પહોંચ.

પ્રેઝન્ટીંગ ઓફીસર જણાવે છે કે, આક્ષેપિત કામદારને મુદતનો પત્ર લખવા છતા તેઓ પત્રો સતત ઘણી મુદતો પછી છોડાવતા હોય છે, જયારે તેમને સસ્પેન્શન એલાઉન્સ ચૂકવવામાં આવેલ તે પત્ર...... તરત છોડાવી લીધેલ છે, જેની પહોંચ....... ક્રમાંક–૪ થી રજુ કરેલ છે.

આ દસ્તાવેજોને આંક–૭૪ થી ૭૭ આપવામાં આવે છે.

તપાસનું રેકર્ડ જોતા આક્ષેપિત કામદાર તેમને મોકલતા પત્રો જાણીજોઈને મોડા છોડાવે છે અથવા પાછા મોકલાવે છે, આંક–૭૬ જોતા તેમાં માલિક ડીલીવરી સમયે મળતા ન હોવાથી શેરો છે, જયારે આંક–૭૭ એ જ સમયગાળાનો પત્ર આક્ષેપિત કામદારને મળી ગયેલ છે.''

તપાસ કાર્યવાહીમાં આંક–૭૭ થી રજુ દસ્તાવેજ આક્ષેપિત કામદારને અન્ય પત્ર મોકલ્યાની મળી ગયાની પહોંચ છે, જે તા.૧૩–૧–૧૫ ના રોજ રવાના કરેલ હોવાનું સ્પષ્ટ જણાય છે તેમજ સદર પત્ર સામાવાળાને તા.૧૯–૧–૧૫ ના રોજ મળેલ છે. આ હકીકત અરજદાર તેમની અરજીમાં સ્વીકારે છે.

તપાસમાં રજુ આંક–૭૭ નો પત્ર જો સામાવાળાને તા.૧૯–૧–૧૫ ના રોજ મળેલ હોય તો તા.૧૭–૧–૧૫ ના રોજની તપાસ કાર્યવાહીમાં તેનો ઉલ્લેખ થઈ શકે નહીં તેવી હકીકત સ્પષ્ટ છે, કારણ કે તપાસ કાર્યવાહીના બે દિવસ બાદ સામાવાળાને આ પત્ર મળેલ છે. સદર હકીકતે તપાસની કાર્યવાહી જો તા.૧૯–૧–૧૫

ના રોજ બાદ લખવામાં આવેલ હોય તો જ તેનો ઉલ્લેખ તપાસ કાર્યવાહીમાં થઈ શકે. આમ સામાવાળા વિરુધ્ધની તા.૧૭–૧–૧૫ ના રોજની તપાસની કાર્યવાહી તે જ દિવસે લખવામાં આવેલ છે તેવી હકીકત માની શકાય તેમ નથી અને આવી કાર્યવાહી તા.૧૯–૧–૧૫ બાદ લખવામાં આવેલ છે તેવી હકીકત સ્પષ્ટપણે પુરવાર થતી હોઈ સદર કારણસર પણ તપાસ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે તે મુજબ હુ ઠરાવું છું.

અરજદાર તથા તપાસ અધિકારીએ સામાવાળાને બચાવની તકથી વંચિત રાખવાને બદઈરાદે તપાસ કાર્યવાહી હાથ ધરેલ છે તેવી હકીકત પુરવાર થતી હોઈ સામાવાળા વિરુધ્ધ હાથ ધરવામાં આવેલ ખાતાકીય તપાસમાં કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન કરવામાં આવેલ નથી તે મુજબ હું ઠરાવું છું.

(ડી) અરજદાર તરફે વકીલશ્રી એ.એસ. પરીખ ધ્વારા નીચે જણાવેલ નામ. સર્વોચ્ચ અદાલત તથા નામ. વડી અદાલત તથા મજુર અદાલતના ચૂકાદાઓ તેમની દલીલના સમર્થનમાં રજુ કરેલ છે.

(૧) નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા સ્ટેટ ઓફ યુ.પી. અને રમેશચંદ્ર મંગલીક (૨૦૦૨ (૨) એલ.એલ.જે. ૫૩૯) ના કામે દસ્તાવેજો પુરા ન પાડવાના કારણે આક્ષેપિત કામદારને કોઈ પૂર્વગ્રહ ઉભો થયેલ ન હોય તો ખાતાકીય તપાસ દુષિત થતી નથી તેમ ઠરાવેલ છે. સદર કામે આક્ષેપિત કામદારને દસ્તાવેજો પુરા પાડવામાં આવેલ નથી તે મુજબની તકરાર ઉપસ્થિત થયેલ ન હોઈ અરજદાર તરફે રજુ ચૂકાદો હાલના કામની હકીકતમાં લાગુ કરી શકાય તેમ નથી.

(૨) નામ. સર્વોચ્ચ અદાલતનો એસ.કે. સિંઘ વિ. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાના કામનો ચૂકાદો ખાતાકીય તપાસના તારણો કર્મચારીને ન આપવા અંગે છે. સદર ચૂકાદો હાલના હકીકતમાં લાગુ કરી શકાય તેમ નથી.

(૩) નામ. ઓરીસ્સા વડી અદાલત ધ્વારા ઓરીસ્સા કન્ઝયુમર કો–ઓપરેટીવ ફેડરેશન લી. વિ. પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ (૨૦૦૪, એલ.એલ.આર. ૧૫૨) ના કામે ઠરાવેલ છે કે, જયારે કામદારને બરતરફી પડકારેલ હોય ત્યારે કામદારે પ્રથમ પુરાવો

રજુ કરવો જોઈએ. અરજદાર તરફે રજુ ચૂકાદો ખાતાકીય તપાસની કાયદેસરતાનો મુદ્દો નકકી કરતા સમયે સુસંગત ન હોઈ સદર ચૂકાદો હાલના કામે લાગુ કરી શકાય તેમ નથી.

**(૪)** નામ. મુંબઈ વડી અદાલત ધ્વારા સેંડવિક એશીયા લી. વિ. મારૂતિ મહીપતિ જગદલે (૨૦૦૨ (૨) સી.એલ.આર. ૧૦૧૮) ના કામે કર્મચારીએ પુના ખાતે ગેરવર્તણૂંક આચરેલ હતી ત્યાર બાદ તેની બદલી કરવામાં આવતા કર્મચારી વિરુધ્ધ બદલીના સ્થળે કરવામાં આવેલ તપાસ યોગ્ય ઠરાવેલ છે. સદર કામે તપાસના સ્થળ અંગેનો મુદ્દો તકરારી ન હોઈ સદર ચૂકાદો હાલની કામની હકીકતમાં લાગુ કરી શકાય તેમ નથી.

**(૫)** નામ. અલ્હાબાદ વડી અદાલત ધ્વારા રામસાગર ચૌધરી વિ. સ્ટેટ ઓફ યુ.પી. (૨૦૧૩ એલ.એલ.આર. ૧૧૯૭) ના કામે ઠરાવેલ છે કે, કર્મચારીને તપાસમાં હાજર રહેવા વારંવાર નોટીસ આપવામાં આવેલ હોય તો આવા સંજોગોમાં કર્મચારી કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન કરેલ નથી તેવી તકરાર ઉપસ્થિત કરી શકે નહીં.

**(૬)** નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા સ્ટેટ બેંક ઓફ પટીયાલા વિ.એસ.કે. શર્મા (૧૯૯૭ એલ.એલ.આર. ૨૬૬) ના કામે ઠરાવેલ છે કે, અગાઉ રેકર્ડ કરેલ સ્ટેટમેન્ટ તપાસના ત્રણ દિવસ અગાઉ આપવામાં આવેલ હોય તો તેથી ખાતાકીય તપાસ દુષિત ઠરતી નથી.

**(૭)** અરજદાર તરફે મજુર અદાલત, અમદાવાદનો રેફરન્સ નં.૩૩૩/૧૦ ના કામનો તા.૯–૩–૧૬ ના રોજનો ચૂકાદો રજુ કરેલ છે, જે ચૂકાદો સમકક્ષ હકૂમત ધરાવતી અદાલતનો હોઈ હાલના કામે ધ્યાને લીધેલ નથી.

**(૮)** નામ. મદ્રાસ વડી અદાલત ધ્વારા મેનેજમેન્ટ ઓફ બીન્ની લીમીટેડ વિ. પ્રિસાઈડીંગ ઓફીસર, ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ, ચેન્નાઈ (૨૦૦૩ એલ.એલ.આર. ૧૦૫૩) ના કામે કર્મચારી ધ્વારા સહકાર આપવામાં આવેલ ન હોવાના સંજોગોમાં તથા શ્રમયોગીને કોઈ પૂર્વગ્રહ ઉત્પન્ન થતો ન હોવાના સંજોગોમાં તપાસ ગેરકાયદેસર નથી તે મુજબ ઠરાવેલ છે. હાલના કામે સામાવાળાને તપાસની જાણ કરતા પત્રોની બજવણી

થયેલ ન હોઈ તપાસ ગેરકાયદેસર ઠરાવેલ હોઈ અરજદાર તરફે રજુ ચૂકાદો હાલના કામની હકીકતમાં લાગુ કરી શકાય તેમ નથી.

**(૯)** નામ. ગુજરાત વડી અદાલત ધ્વારા ડીવીઝનલ કન્ટ્રોલર, જી.એસ.આર.ટી.સી. વિ. સહદેવસિંહ જતુભા ઝાલા (૨૦૧૫, એલ.એલ.આર. ૫૧૮) ના કામે કર્મચારીએ ખાતાકીય તપાસમાં ભાગ લીધેલ ન હતો કે અદાલત સમક્ષ તપાસ પડકારેલ ન હોવાના સંજોગોમાં કામદારની બરતરફી યોગ્ય ઠરાવેલ છે. નામ. વડી અદાલતનો ચૂકાદો ખાતાકીય તપાસની કાયદેસરતા નકકી કરવાના તબકકે હાલના કામે લાગુ કરી શકાય તેમ નથી.

**(૧૦)** અરજદાર તરફે (૧) સીન્ડીકેટ બેંક વિ. વેંકેશ કુરતી (૨૦૦૬ એસ.સી.સી. (એલ એન્ડ એસ ૪૮૭) (૨) બ્રુક બોન્ડ ઈન્ડીયા પ્રા. લી. વિ. એસ. સુબ્બારમણ (૩) ગોવિંદ એન. મકવાણા વિ. ડીવીઝનલ સિકયુરીટી કમિશ્નર (૨૦૦૧ (૨) જી.એલ.આર. ૧૮૫૧) (૪) મોહંમદ અતીઉલ્લા અન્સારી વિ. દિલ્હી ઈન્સ્ટીટયુટ ઓફ ટુલ એન્જીનીયરીંગ (૫) સૌદાગર પાલ વિ. સોની રબર ઈન્ડસ્ટ્રીઝના કામના ચૂકાદા પર આધાર રાખેલ છે.

અરજદાર તરફે રજુ ઉપરોકત ચૂકાદાઓ મેં હાલના કામે આદરપૂર્વક ધ્યાને લીધેલ છે. હાલના કામે સામાવાળાને તા.૧૭–૧–૧૫ ના રોજ તપાસની જાણ થયેલ ન હોવાના સંજોગોમાં તેમજ તા.૧૭–૧–૧૫ ના રોજ તપાસ કાર્યવાહી લખવામાં આવેલ નથી તેમ માનવાને કારણ રહેતું હોવાના સંજોગોમાં ખાતાકીય તપાસ દુષિત હોવાનું ઠરાવેલ છે. સદર સંજોગોમાં અરજદાર તરફે રજુ ચૂકાદાઓ હાલના કામની હકીકતમાં લાગુ કરી શકાય તેમ નથી.

ઉપરોકત ચર્ચા કરેલ તમામ કારણોસર સામાવાળા વિરુધ્ધ હાથ ધરેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુરૂપ નથી તે મુજબ ઠરાવવામાં આવે છે. સદર કારણસર **મુદ્દા નં.૧** નો મારો જવાબ **નકારમાં** છે. સદર કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

(૧) સામાવાળા વિરુધ્ધ અરજદાર ધ્વારા કરવામાં આવેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના અનુરૂપ નથી તે મુજબ ઠરાવવામાં આવે છે.

(૨) સદર કામની હવે પછીની સુનાવણી તા.૨૭-૩-૨૩ ના રોજ હાથ ધરવામાં આવશે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૪) સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૭-૨-૨૦૨૩
સ્થળ: અમદાવાદ

(અશ્વિનકુમાર અનિલકુમાર દવે)
જજ કોડ : જીજે ૦૦૭૭૬
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ

**કે.બી.ડોડિયા, પીપીએસ**